પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૧૩ | ૧૨ ઓક્ટોબર, ૨૦૧૭, ગુરૂવાર ; આસો વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## બાંદીપોરામાં ભીષણ અથડામણ : બે ત્રાસવાદી ઠાર

**સામ સામે ગોળીબારની રમઝટમાં બે જવાનો પણ શહીદ થયા : હથિયારો કબજે : શહીદ થયેલા જવાનો અભિયાનના અનુભવ માટે અને ટ્રેનિંગ માટે સેનાની સાથે સામેલ થયેલા ગરુડ કમાન્ડો હતા**



શ્રીનગર,તા. ૧૧

જમ્મુકાશ્મીરમાં એકપછી એક ખતરનાક ત્રાસવાદીઓને ઠાર કરવામાં આવ્યા બાદ પણ ત્રાસવાદીઓ તેમની હાજરી પુરવાર કરવાના તમામ પ્રયાસો કરી રહ્યા છે. આના ભાગરૂપે આજે સવારે વધુ એક ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યો હતો. કાશ્મીરના બાંદીપોરામાં સુરક્ષા દળે બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતરી દીધા હતા. ઓપરેશનમાં સેનાના બે જવાન પણ શહીદ થયા હતા. બન્ને પક્ષો વચ્ચે કલાકો સુધી સામ સામે ગોળીબાર જારી રહ્યો હતો. ત્રાસવાદીઓએ પરિસ્થિતીનો લાભ ઉઠાવીને સવારમાં વહેલી પરોઢે પોણા પાંચ વાગે હુમલો કરી દીધો હતો. સંરક્ષણ મંત્રાલયના પ્રવક્તા કર્નલ રાજેશ કાલિયાએ કહ્યું છે કે, ભારતીય હવાઈ દળની ખાસ ટુકડી ગરુડ કમાન્ડોના બે જવાન શહીદ થયા હતા. કાલિયાએ કહ્યું હતું કે, અભિયાનના અનુભવ અને ટ્રેનિંગ માટે સેનાની સાથે સામેલ થયેલા ગરુડ કમાન્ડો શહીદ થયા હતા. કાલિયાએ એમ પણ કહ્યું હતું કે, આ અથડામણ બાંદીપોરા જિલ્લામાં હાજીન વિસ્તારમાં થઈ હતી. અગાઉ એવા અહેવાલ આવ્યા હતા કે, હાજીન

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### યશવંત સિંહાના કેન્દ્ર સરકાર પર પુનઃ આક્ષેપો

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી યશવંતસિંહાએ આજે કેન્દ્ર સરકારની ફરી એકવાર ટિકા કરી હતી અને કહ્યું હતુંકે, સરકારે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના પુત્ર જય શાહ પર મુકવામાં આવેલા આક્ષેપોનો બચાવ કરીને પોતાના નૈતિક આધારને ગુમાવી દીધો છે. યશવંતસિંહાએ એક ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, આ મામલાની યોગ્યતા પર ટિપ્પણી કરવા માંગતા નથી. કારણ કે, આ તપાસનો વિષય છે પરંતુ તેઓ કહેવા માંગે છે જે રીતે કેન્દ્રીયમંત્રી આ મામલામાં કુદી ગયા છે તેઓ એક કેન્દ્રીય મંત્રી છે. જય શાહના કોઈ ચાર્ટડ એકાઉન્ટન્ટ નથી.

### ઉત્તરપ્રદેશમાં હવે ભગવા બસ દોડશે

ઉત્તરપ્રદેશના માર્ગો પર હવે ભગવા બસ દોડનાર છે. પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે બુધવારના દિવસે બસને લીલીઝંડી આપીને રવાના કરી હતી. પ્રાપ્ત અહેવાલ મુજબ આ ૫૦ બસ છ હજાર ગામોને જોડી દેશે. આના કારણે કુલ ૧૩ લાખ લોકોને સીધી રીતે ફાયદો થનાર છે. લખનૌના પાંચ કાલીદાસ માર્ગમાં આયોજિત કાર્યક્રમમાં યોગીએ સંકલ્પ બસ સેવા નામથી આ બસને શરૂઆત કરાવી હતી. જે બસ હાલમાં પરિવહન દ્વારા ચલાવાઈ રહી છે તે બસ કરતા તેના ભાડા ૩૦ ટકા ઓછા રહેશે.

## અનુપમ ખેર FTIIના નવા ચેરમેન બન્યા

**૪૦૦થી વધારે ફિલ્મોમાં કામ કરી ચુકેલા અનુપમ ખેર અનેક વિદેશી ફિલ્મોમાં પણ કામ કરી ચુક્યા છે : રિપોર્ટ**



મુંબઈ, તા.૧૧

બોલીવુડના લોકપ્રિય અભિનેતા અનુપમ ખેરની ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા (એફટીઆઈઆઈ)ના નવા ચેરમેન તરીકે પસંદગી કરવામાં આવી છે. તેઓ ગજેન્દ્ર ચૌહાણની જગ્યા લેશે. ગજેન્દ્ર ચૌહાણની નિમણૂંકને લઈને છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. ગજેન્દ્ર ચૌહાણે પણ અનુપમ ખેરને ચેરમેન બનાવવામાં આવ્યા બાદ ખુશી વ્યક્ત કરી છે. આ સંસ્થા માહિતી અને પ્રસારણ મંત્રાલય હેઠળ આવે છે. ૫૦૦થી વધુ ફિલ્મોમાં કામ કરી ચુકેલા અનુપમ ખેર અનેક વિદેશી ફિલ્મોમાં પણ દમદાર ભૂમિકા કરીને લોકપ્રિયતા મેળવી ચુક્યા છે. નેશનલ સ્કૂલ ઓફ ડ્રામામાં એકિંટગ માટેની તાલીમ લઈ ચુકેલા અનુપમ ખેર થિયેટર માટે પણ લાંબો અનુભવ ધરાવે છે. અનુપમ ખેરના પત્નિ અને ભાજપના સાંસદ કિરણ ખેરે આ અંગે ખુશી વ્યક્ત કરી છે. કિરણ ખેરે કહ્યું છે કે, તેમને અનુપમ ખેર ઉપર ગર્વ છે.

## સગીર પત્નિની સાથે સેક્સ રેપ ગણાશે : સુપ્રીમ

**ચુકાદા વેળા સુપ્રીમ કોર્ટે કેટલાક મહત્વપૂર્ણ તારણો પણ રજૂ કર્યા : સગીર પત્નિ એક વર્ષની અંદર જ ફરિયાદ કરે છે તો પતિ સામે બળાત્કારના મામલામાં કેસ ચાલી શકે છે : આઈપીસીની કલમમાં સુધારો કરવા આદેશ**

નવી દિલ્હી,તા. ૧૧

સુપ્રીમ કોર્ટે આજે વધુ એક ઐતિહાસિક અને દુરગામી ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે પોતાના મહત્વપૂર્ણ ચુકાદામાં કહ્યુ છે કે સગીર પત્નિની સાથે કોઈ પણ પ્રકારના શારરિક સંબંધ રેપ ગણવામાં આવશે. સુપ્રીમ કોર્ટે આજે આ ચુકાદો આપતા આઈપીસીની એ કલમ (આઈપીસી ૩૭૫ (૨)માં સુધારા કરવા માટે પણ કહ્યુ છે જે મુજબ ૧૫ વર્ષથી લઈને ૧૮ વર્ષની વયની પત્નિ સાથે તેનો પતિ જો સંબંધ સ્થાપિત કરે છે તો તેને દુષ્કર્મ તરીકે ગણવામાં આવશે નહી. અલબત્ત બાળ વિવાહ કાયદા મુજબ લગ્ન માટે મહિલાની વય ૧૮ વર્ષ હોવી જોઈએ. કોર્ટના ચુકાદા મુજબ જો કોઈ સગીર પત્નિ એક વર્ષની અંદર જ ફરિયાદ કરે છે કે પતિ પર રેપનો કેસ ચલાવવામાં આવનાર છે. સુપ્રીમ કોર્ટે પહેલા તેના પર ચુકાદો અનામત રાખ્યો હતો. કેન્દ્ર સરકારે તેના પર કહ્યુ હતુ કે આઈપીસીની કલમ ૩૭૫ને અપવાદ રૂપે રાખવામાં આવે તે જરૂરી છે. જે પતિને સંરક્ષણ આપે છે. બાળ લગ્નના મામલામાં આ સંરક્ષણ જરૂરી છે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી કો તે આ કલમને રદ ન કરે. સંસદને આ અંગે વિચારણા કરવા અને તેમજ નિર્ણય કરવા માટે સમય આપવામાં આવે તે જરૂરી છે. કેન્દ્ર સરકારે કહ્યુ હતુ કે બાળ લગ્ન સામાજિક વાસ્તવિકતા છે. આના પર કાયદો બનાવવાનુ કામ સંસદનુ છે. કોર્ટ તેમાં દરમિયાનગીરી કરી શકે તેમ નથી. ૧૫થી ૧૮ વર્ષની વયની પત્નિ સાથે સંબંધને દુષ્કર્મ તરીકે ગણનાર અરજી પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટ દ્વારા આ મુજબનો આદેશ આપવામાં આવ્યો હતો.

## અર્થતંત્રમાં નવા પ્રાણ ફુંકવા માટે કાઉન્સિલ દ્વારા પ્રાથમિકતા નક્કી

**નરેન્દ્ર મોદીની પ્રથમ આર્થિક સલાહકાર પરિષદની બેઠક યોજાઈ : આગામી વર્ષના બજેટ માટે ચાવીરૂપ મુદ્દાઓ તૈયાર કરવા નવેમ્બરમાં ફરી બેઠક : રોજગારી સહિતના પ્રાથમિકતાના ૧૦ મુદ્દા શોધી કાઢવામાં આવ્યા**




નવી દિલ્હી,તા. ૧૧

દેશમાં આર્થિક મંદીને લઈને ટિકા ટિપ્પણીના દોર વચ્ચે હાલમાં જ રચવામાં આવેલી નવી આર્થિક સલાહકાર પરિષદે નાણાંકીય મોરચે મજબૂત રુપરેખા તૈયાર કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ફિસ્કલ કન્સોલીડેશન અથવા તો નાણાંકીય મજબૂતીને વળગી રહેવા એડવાઈઝરી કાઉન્સિલે સરકારને સલાહ આપી છે. સાથે સાથે કેટલાક મહત્વપૂર્ણ સૂચનો કર્યા છે. એવું સૂચન પણ કરાયું છે કે, ઈન્ડસ્ટ્રી માટે કોઈપણ સ્ટીમ્યુલસ ફિસ્કલ પારદર્શકતાના ખર્ચે યોગ્ય રહેશે નહીં. કાઉન્સિલના ચેરમેન બિબેક ડેબ્રોય દ્વારા આજે આ મુજબની માહિતી આપવામાં આવી હતી. સભ્યોની અંદર એવી સર્વસંમતિ છે કે, ફિસ્કલ કન્સોડીલેશનની કવાયત જારી રાખવી જોઈએ. કાઉન્સિલની ભલામણો સરકારની હિલચાલની વિરુદ્ધમાં છે. સરકાર અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા ૫૦૦૦૦ કરોડનું પેકેજ જાહેર કરવા વિચારી રહી છે. આવા સમયમાં પેકેજ ન જારી કરવાની વાત આમા કરવામાં આવી છે. દેબ્રોયએ કહ્યું છે કે, પેનલે ૧૦ એવા મુદ્દા ઓળખી કાઢ્યા છે જે હાલના સમયની માંગ છે જેમાં આર્થિક ગ્રોથ અને નોકરીની રચનાનો સમાવેશ થાય છે. પ્રથમ થોડાક મહિનામાં જ કાઉન્સિલનું ધ્યાન કેન્દ્રીય બજેટ ઉપર રહેશે જે ફેબ્રુઆરીના પ્રથમ સપ્તાહમાં રજૂ કરવામાં આવશે.

## ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં ૧૬ ટકા સુધી વધારો

નવી દિલ્હી,તા. ૧૧

એપ્રિલ-સપ્ટેમ્બર મહિના માટે ભારતના પ્રત્યક્ષ કરવેરા વસુલાતના આંકડા જારી કરી દેવામાં આવ્યા છે. નાણામંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ડાયરેક્ટ ટેક્સ વસુલાતમાં ૧૬ ટકાનો વધારો નોંધાઈ ગયો છે જેથી ડાયરેક્ટ ટેક્સ વસુલાતનો આંકડો એપ્રિલ-સપ્ટેમ્બર મહિનામાં વધીને ૩.૮૬ લાખ કરોડ સુધી પહોંચી ગયો છે. અર્થતંત્રમાં મંદીને લઈને કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો ભારે હોબાળો મચાવી રહ્યા છે ત્યારે આ આંકડા સરકાર માટે પ્રોત્સાહનજનક રહ્યા છે. નાણામંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, ડાયરેક્ટ ટેક્સ વસુલાતમાં હેલ્થી ગ્રોથ નોંધાઈગયો છે. મેટ ડાયરેક્ટ ટેક્સ વસુલાતનો આંકડો કુલ બજેટ અંદાજના ૩૯.૪ ટકાની આસપાસ છે. વર્તમાન નાણાંકીય વર્ષ માટે ૯.૮ લાખ કરોડના ડાયરેક્ટ ટેક્સના કુલ બજેટ અંદાજના ૩૯.૪ ટકાની આસપાસ આ આંકડો છે.

## લવ જેહાદના ૯૦ કેસમાં એનઆઈએ દ્વારા તપાસ

થિરુવંતનપુરમ, તા.૧૧

કેરળ સરકાર ભલે લવ જેહાદના મામલાને લઈને એનઆઈએ દ્વારા તપાસનો વિરોધ કરી રહી છે પરંતુ તાજેતરમાં જ કેરળમાં એવા ૯૦ મામલાઓની લિસ્ટ તૈયાર થઈ ચુકી છે જેમાં ફરજ પાડીને મહિલાઓના ધર્મ પરિવર્તન કરવામાં આવ્યા હતા. તપાસ એજન્સીને સોંપવામાં આવનાર આ મામલામાં સંબંધ અને લગ્નના મામલા પણ સામેલ છે.







